# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## બૉર્ડ ઑફ મેનેજમેન્ટ (DU) 4/2023-24 તા. 22-07-2023

---

ગૂજરાત વિદ્યાપીઠની બૉર્ડ ઑફ મેનેજમેન્ટની વર્ષ 2023-24ની ચોથી બેઠક તા. 22-07-2023 ને શનિવારે સવારે 08-30 વાગ્યે સમિતિ કક્ષ, મુખ્ય કાર્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે આદરણીય કુલનાયકશ્રીના અધ્યક્ષસ્થાને મળી હતી. આ બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

| | |
|---|---|
| 1. ડૉ. ભરતભાઈ જોશી, | અધ્યક્ષ, કા. કુલનાયકશ્રી |
| 2. ડૉ. હર્ષદભાઈ એ. પટેલ | સભ્ય અને ટ્રસ્ટીશ્રી |
| 3. ડૉ. દિલીપભાઈ પી. ઠાકર | સભ્ય અને ટ્રસ્ટીશ્રી |
| 4. ડૉ. નવીનચંદ્ર શેઠ | સભ્યશ્રી, યુ.જી.સી. નિયુકત પ્રતિનિધિ |
| 5. ડૉ. પ્રેમ આનંદ મિશ્ર | સભ્ય અને ડીનશ્રી |
| 7. શ્રી રણછોડભાઈ ચૌહાણ | સભ્ય અને સહ-પ્રાધ્યાપકશ્રી |
| 8. ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય | સભ્યશ્રી |
| 9. ડૉ. નિખિલભાઈ ભટ્ટ | કા. કુલસચિવશ્રી |

આ બેઠકમાં 1 શ્રી કનુભાઈ નાયક, 2. શ્રી વિશાલભાઈ ભાદાણી અને 3 ડૉ. જગદીશચંદ્ર સાવલિયા અગાઉથી જાણ કરી અનુપસ્થિત રહ્યા હતા.

બેઠકની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી ત્યારબાદ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કાર્ય-1 : તા. 07-07-2023ના રોજ મળેલી બેઠકના અહેવાલને બહાલી આપવા તથા તા. 07-07-2023ના રોજ મળેલી બેઠકના અહેવાલની અમલવારીનોંધને ધ્યાનમાં લેવા અંગે.

ઠરાવ-1: તા. 07-07-2023ના રોજ મળેલી બેઠકના અહેવાલને બહાલી આપવામાં આવી તથા અમલવારીનોંધને ધ્યાને લેવામાં આવી.

કાર્ય-2 : ઉચ્ચશિક્ષણ માટે નોન-સેલેરી કમ્પોનન્ટની જરૂરિયાત મુજબ ગૂજરાત વિદ્યાપીઠ મંડળમાંથી જોગવાઈ કરવા બાબત.

ઠરાવ-2: ઉચ્ચશિક્ષણ માટે નોન સેલેરી કમ્પોનન્ટની જરૂરિયાતને ધ્યાને રાખી ગૂજરાત વિદ્યાપીઠ મંડળમાંથી રૂ. 5,00,00,000-00 (પાંચ કરોડ પૂરા) ઉચ્ચશિક્ષણના હવાલે ફેરવવાની ગૂજરાત વિદ્યાપીઠ મંડળને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું. આ રકમ ગ્રાંટ પ્રાપ્ત થાય ત્યારે ગૂજરાત વિદ્યાપીઠ મંડળને પરત કરવાનું નક્કી કરવામાં આવ્યું. વધુમાં, ઉચ્ચશિક્ષણની આંતરિક આવક વધારવા સઘન પ્રયાસો કરવા તથા ખર્ચ ઘટાડવા સૌ સેવકોનું ધ્યાન દોરવા જણાવવામાં આવ્યું.

કાર્ય-3 : UGC (Redressal of Grievances of Students) Regulations, 2023 અંતર્ગત લોકાયુક્તની નિમણૂક કરવા બાબત.

ઠરાવ-3: UGC (Redressal of Grievances of Students) Regulations, 2023 અંતર્ગત શ્રી જી. એમ. પટેલની લોકાયુક્ત તરીકેની નિમણૂક કરવાનું અને તેમને આ માટે આમંત્રણ આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-4 : UGC (Institutions Deemed to be Universities) Regulations, 2023 મુજબ MoA કરવા અંગેના યુ.જી.સી.ના પત્ર બાબત.

ઠરાવ-4: UGC (Institutions Deemed to be Universities) Regulations, 2023 મુજબ MoA કરવા માટે મહત્તમ સમયમર્યાદા એક વર્ષની છે અને યુ.જી.સી.ના આ પત્રમાં તેનાથી જુદી બાબત હોવા અંગે ગૂજરાત વિદ્યાપીઠ મંડળને જણાવવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-5 : માઇક્રોબાયોલોજી વિષયની પ્રયોગશાળા સંદર્ભે કન્સલ્ટન્ટે આપેલ અલગ અલગ કામની વિગતો અને ખર્ચને ધ્યાને લેવા બાબત.

ઠરાવ-5: માઇક્રોબાયોલોજી વિષયની પ્રયોગશાળા સંદર્ભે કન્સલ્ટન્ટે આપેલ અલગ અલગ કામની વિગતો અને તે માટે રજૂ કરેલા અંદાજિત ખર્ચ રૂ. 14,00,000 (ચૌદ લાખ)ને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-6 : વર્ષ-2022-23માં લેવાયેલી તમામ અભ્યાસક્રમોની બેકી સત્રની સત્રાંત પરીક્ષાઓના વર્ગ પ્રમાણેનાં પરિણામોની કોષ્ટક સ્વરૂપે પ્રાપ્ત થયેલી વિગતો બાબત.

ઠરાવ-6: વર્ષ-2022-23માં લેવાયેલી તમામ અભ્યાસક્રમોની બેકી સત્રની સત્રાંત પરીક્ષાઓના વર્ગ પ્રમાણેનાં પરિણામોની કોષ્ટક સ્વરૂપે પ્રાપ્ત થયેલી વિગતોની ચર્ચા કરવામાં આવી અને તેની નોંધ લેવામાં આવી. કોષ્ટકમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતી કોલમનો સમાવેશ કરવા સૂચન કરવામાં આવ્યું જેથી ડ્રોપ આઉટ સંખ્યાનો ખ્યાલ આવી શકે. વધુમાં, દરેક સત્રના પરિણામમાં વર્ગ જાહેર કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-7: ફી રિફંડ પોલીસી 2023-24 અંગે યુ.જી.સી.ના પત્ર ક્રમ D.O.No.F.2-71/2022 (CPP-II) તા. 3-7-2023, બાબત.

ઠરાવ-7: ફી રિફંડ પોલીસી 2023-24 અંગે યુ.જી.સી.ના પત્ર ક્રમ D.O.No.F.2-71/2022 (CPP-II) તા. 3-7-2023 અનુસાર અમલ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-8: ગૂજરાત વિદ્યાપીઠ સેવકના સ્વૈચ્છિક પ્રોવિડન્ટ ફંડ(VPF)ની કપાત સુવિધા સમાપ્ત કરવા બાબત.

ઠરાવ-8: આ બાબતે નીચેની વિગતે અમલ કરવાનું ઠરાવવામાં આવ્યું.

1. નિયમાનુસાર પી.એફ.ની આવશ્યક હોય તેટલી જ રકમની કપાત કરવી.
2. અત્યાર સુધી સ્વૈચ્છિક પી.એફ.ની કપાત કરેલી બધી રકમ સેવકોને તા. 31-03-2024 સુધીમાં પરત કરવી અને આ બાબતે સંબંધિત સેવકો સાથે બેઠક કરી પૂરી જાણકારી આપવી.

3. ઉચ્ચશિક્ષણ અને તે સિવાયના (કે.વી.કે., વિનયમંદિર વ.) પી.એફ.ના ખાતાં અલગ અલગ રાખવાં અને જમા રકમનું વ્યવસ્થાપન ઉચ્ચશિક્ષણ હિસાબી વિભાગ દ્વારા જ કરવું.

કાર્ય-9: છાત્રાલયો માટે રોટલી બનાવવાના મશીન ખરીદવા બાબત.

ઠરાવ-9: રોટલી બનાવવાના મશીન ખરીદવાની દરખાસ્તને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું. આ મશીનોની ખરીદી માટે નિયત પ્રક્રિયા કરવાનું અને ખરીદીનો ખર્ચ "રસોડા વ્યવસ્થા ખર્ચ" ખાતામાંથી કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-10: યુ.જી.સી.ના સેક્રેટરી સાથેની ઓનલાઇન બેઠકના સંદર્ભે NEP-2020 પ્રમાણે તૈયાર કરેલા અભ્યાસક્રમોનું સંબંધિત વિભાગીય અધ્યક્ષો દ્વારા પ્રેઝન્ટેશન કરવા બાબત.

ઠરાવ-10: NEP-2020 પ્રમાણે તૈયાર કરેલા અભ્યાસક્રમોનું સંબંધિત વિભાગીય અધ્યક્ષો દ્વારા રજૂઆત કરવામાં આવી, આ સંદર્ભે નીચે મુજબનાં સૂચનોનું અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું.

(1) સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ પ્રત્યેક સત્રમાં 20 ક્રેડિટનું માળખું રાખવું.

(2) કૌશલ્યવર્ધન અભ્યાસક્રમોની ગોઠવણ માટે વિભાગોએ NEP-2020 અમલીકરણના નોડલ ઓધિકારી સાથે મસલત કરી આયોજન કરવું.

(3) જે વિભાગોના અભ્યાસક્રમોનું 20 ક્રેડિટથી વધુ ક્રેડિટનું માળખું હોય તેમને વિભાગના અધ્યાપકો સાથે બેઠક કરી 20 ક્રેડિટ પ્રમાણે ગોઠવી વિદ્યાસભાની મંજૂરી મેળવી લેવી.

(4) નવા માળખા પ્રમાણેના અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ 2023-24ના પ્રથમ સત્રથી અમલી બનાવવો.

(5) જે વિભાગીય અધ્યક્ષોએ અનુસ્નાતક અભ્યાસક્રમના જૂનાં માળખાં રજૂ કર્યાં હોય તેમણે આગામી વિદ્યાસભાની મંજૂરી મેળવી નિયત કરેલા ક્રેડિટ પ્રમાણેના માળખાં આધારિત અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ 2023-24ના પ્રથમ સત્રથી અમલી બનાવવો

(6) શિક્ષણ વિદ્યાશાખાના ડીન તરફથી અભ્યાસક્રમની રજૂઆત માટેની કોઈ તૈયારી ન હતી તેની નોંધ લેવામાં આવી.

<u>અધ્યક્ષસ્થાનેથી રજૂ થયેલાં કાર્યો.</u>

કાર્ય-11: ઉચ્ચશિક્ષણના બેંક આધારિત વ્યવહારોમાં લેવડદેવડની વ્યવસ્થા બાબત

ઠરાવ-11: ઉચ્ચશિક્ષણના નાણાકીય વ્યવહારો સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, બેન્ક ઓફ ઇન્ડિયા, ઇન્ડિયન બેંક, બેંક ઓફ બરોડા અને આઈ.ડી.એફ.સી. ફર્સ્ટ બેંકોના ચાલુ/સેવિંગ્સ ખાતાંઓમાં થાય છે. હવે પછી નાણાકીય વ્યવહારો માટે વાઇસ ચાન્સેલર, રજિસ્ટ્રાર અને ફાઇનાન્સ ઓફિસર/ એકાઉન્ટ બ્રાંચના હેડ પૈકી કોઈપણ બેની સહીથી વ્યવહારો કરવાને માન્ય રાખવાનું ઠરાવવામાં આવ્યું. આ ઠરાવથી ગૂજરાત વિદ્યાપીઠ મંડળને અવગત કરવાનું નક્કી કરવામાં આવ્યું.

કાર્ય-12: ગૂજરાત વિદ્યાપીઠના ધ્યાનચિહ્ન (LOGO)ના ઉપયોગ બાબત.

ઠરાવ-12: ગૂજરાત વિદ્યાપીઠના ધ્યાનચિહ્ન(LOGO)નો કોઈ પણ રીતે ઉપયોગ કરતા પહેલા કુલસચિવની લેખિત મંજૂરી અનિવાર્ય બનાવવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-13: સંશોધન સલાહકાર પરિષદ દ્વારા રજૂ થયેલી ગૂજરાત વિદ્યાપીઠની સંશોધન નીતિ (Research Policy)ને મંજૂરી આપવા બાબત

ઠરાવ-13: સંશોધન સલાહકાર પરિષદ દ્વારા રજૂ થયેલી ગૂજરાત વિદ્યાપીઠની સંશોધન નીતિ (Research Policy)ને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

તા. 26-07-2023

(પ્રો. નિખિલ ભટ્ટ)

કા. કુલસચિવ